એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૪ (નેગો.ઈ.એકટ કોર્ટ ), અમદાવાદ.

---

*ફોજદારી કેસ નંબર : 58637/2017*

ફરીયાદી : ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લી.
( ફોર્મેલી કનોવન એસ ચોલામંડલમ ડીબીએસ ફા.લી.)

**વિરુધ્ધ**

તોહમતદાર : જગદીશભાઈ કોદરભાઈ પટેલ

***<u>આંક–૧ તળે હુકમ</u> :***

કેસનું રેકર્ડ વંચાણે લીધું.

કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે ફરિયાદી ધ્વારા આરોપી સામે હાલની ફરીયાદ **<u>સને– ૨૦૧૭</u>** માં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ અદાલતમાં દાખલ કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ કામે આરોપીને સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ જોતા ફલિત થાય છે. પરંતુ આરોપીને સમન્સની બજવણી થઈ શકેલ નથી. આ કામે કેસનુ રોજકામ જોતાં અત્રેની કોર્ટ હાજર થઈ તે અગાઉની આ કેસની મુદતોમાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી મુદતે હાજર રહેલ નથી. તથા આ કોર્ટ હાજર થઈ તે દરમ્યાન પણ મુદતોમાં ફરીયાદપક્ષ ગેરહાજર રહેલ છે.જેથી કેસની ન્યાયીક કાર્યવાહી આગઈ ચલાવી શકાયેલ નથી. ફરીયાદીને તેમનો કેસ ચલાવવામાં રસ ન હોય તેવુ કેસનુ રોજકામ જોતા ફલિત થાય છે.

આ કામે કેસનુ રેકર્ડ વંચાણે લેતા ફરીયાદી ધ્વારા ફરીયાદી બદલવાની અરજી રજુ કરવામાં આવેલ હતી અને તે અરજી ઉપર અત્રેની અદાલત ધ્વારા તા. ૧૧.૮.૨૩ ના રોજ વિગતવારનો હુકમ કરી ફરીયાદીએ લીગલ સર્વીસી ઓથોરીટી, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટસ, અમદાવાદ ખાતે કોસ્ટ પેટે <u>રૂા. ૨૦૦૦/–(બે હજાર પુરા) દિન–૩૦</u> માં ભરવાનો હુકમ કરેલ અને તે અરજી ખર્ચ સહિત મંજુર કરવામાં આવેલ. અત્રેની અદાલત ધ્વારા કરવામાં આવેલ સદર હુકમનું પાલન નિયત સમયમર્યાદામાં ફરીયાદી ધ્વારા કરવામાં આવેલ નથી કે આ હુકમ સામે કોઈ રીવીઝન કરેલ હોય તેવુ પણ રેકર્ડ ઉપરથી જણાઈ આવતુ નથી. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ રજુઆત કે અરજી રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ફરીયાદીને તેમનો કેસ ચલાવવામાં કોઈ રસ ન હોવાનું માનવાને કારણ જણાઈ આવે છે.

વધુમાં, હાલનો કેસ ઘણો જુનો છે અને ફરિયાદપક્ષે અગાઉની મુદતે કોઈ હાજર રહેતુ ન હોય તથા અને આરોપીને પ્રોસેસની બજવણી કરવા માટે ફરીયાદપક્ષે આરોપીનુ નવુ સરનામુ રજુ રાખી શકેલ ન હોય તથા આ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ધ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧.૨૦૧૦ નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય, તેમજ આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ કોસ્ટના હુકમનુ પાલન કરેલ ન હોય કે મુદતે હાજર થઈ કોઈ રજુઆત કરેલ ન હોય અને કોસ્ટના હુકમ સામે કોઈ રીવીઝન પણ કરેલ ન હોય હાલની ફરીયાદ ચલાવવામાં ફરીયાદીને રસ ન હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે જેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર ઠરે છે. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરિયાદ ફરિયાદીની કસુરના કારણે તથા આરોપીના નવા સરનામાના અભાવે રદ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની ફરિયાદ, ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે '' **રદ** '' કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૧ થી, માહે –ઓકટોબર , સને ૨૦૨૩ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૧૧–૧૦–૨૦૨૩

**(પી. જે. ચૌધરી )**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૪
અમદાવાદ (જીજે–૦૧૦૩૨)